



## ભાજપ સ્થાપના દિનની શહેરમાં કાર્યકરો દ્વારા ભવ્ય ઉજવણી કરાઈ

ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાને ૩૭ વર્ષ પૂર્ણ થયા છે, અને ૩૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે સમગ્ર ભારતભરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતમાં સૌથી મોટાપક્ષ તરીકે ભાજપ પક્ષ ઉભરી રહ્યો છે. જયારે ભારતમાં અંદાજીત ૧૦ થી વધુ રાજયમાં ભાજપ શાસિત સરકાર છે. ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા આજે ભારતીય જનતા પાર્ટીના ૩૮ માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિતે મહાનગરના વિવિધ વોર્ડમાં ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં શહેરના તમામ સેકટરોમાં પત્રિકા વિતરણ, સ્ટીકરો, તથા કેન્દ્ર સરકાર અને રાજય સરકારના વિકાસના કામો થતા અમલમાં મુકવામાં આવેલ યોજનાનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બુથ સમિતિઓને સક્રિય કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જયારે પંડિત દિનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલિત અર્પણ કરાઈ હતી. આ સ્થાપના દિનની ઉજવણીમાં ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ, ઉપપ્રમુખો, મહામંત્રીઓ, શહેરના કોર્પોરેટરો, સૌ સિનિયર આગેવાનો, વિવિધ મોરચા તેમજ સેલના હોદેદારો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## આશા કાર્યકરોના વણઉકલ્યા પ્રશ્નો અંગે કોંગ્રેસ તેમની સાથે છે : કામિનીબા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે આજે જિલ્લા પંચાયત આયોજિત આશાબહેનોના સંમેલનમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યુંહતું કે તેઓ તેમના વણઉકલ્યા પ્રશ્નો માટે તેમની સાથે છે.

તેમણે તેમના પ્રવચનમાં ફિક્સ પગારના મુદ્દે વાંધો ઉઠાવી અને રક્ષણની સાથે પુરૂ વેતન મળે તે જો તેમનો પ્રશ્ન સત્તા પર આવશે તો જરૂર આ બાબતે સહાનુભૂતિથી વિચારશે.

કામિનીબાએ તેમના પ્રવચનમાં સરકારે મહિલાઓ પર થતા અત્યાચારના બનાવોને અટકાવવા માટે શરૂ કરેલ અભયમ્ હેલ્પલાઈનના નિર્ણયને આવકાર્યો પણ હતો. મહિલાઓ પર થતા અત્યાચાર અટકાવવા માટે તેમણે મહિલાઓની જાગૃતિ પર પણ વિશેષ ભાર મુક્યો છે.

આશા બહેનોના પ્રશ્નો અંગે સરકારમાં પણ તેમની લાગણી પહોંચે તે જોવા ધારાસભ્ય અશોક પટેલ અને ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરને પણ અપીલ કરી હતી.

કામિનીબા રાઠોડના પ્રવચન પછી જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે પણ પ્રાસંગિક પ્રવચનમાં બાળ મૃત્યુદરમાં નોંધાયેલા ઘટાડા માટે અભિનંદન આપી આરોગ્યની સેવાઓ વધુ સઘન બને તેના પર વિશેષ ભાર મુક્યો હતો.

## વલાદ પાસે બે ટ્રક સામસામે ટકરાતા ગમખ્વાર અકસ્માત

### એક ટ્રકની પાછળ ભરેલી ગેલ્વેનાઈઝની પાઈપો કેબીનમાં ઘુસી જતા ફસાઈ ગયેલા ડ્રાઈવરને એક કલાકે ફાયરબ્રિગેડે બહાર કાઢ્યો : ત્રણ ઘાયલ

ગાંધીનગર, તા. ૬

નાના ચિલોડાથી મોટા ચિલોડા તરફ જતા નેશનલ હાઈવે નં. ૮ પર



સ્થિત વલાદ ગામની સીમમાં રીલાયન્સ પેટ્રોલ કંપની સામે આજે પરોઢીયે બે ટ્રકો સામસામે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. જે પૈકી બે ને અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને એકને ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

વહેલી સવારે વલાદ ગામના પાટીયા પાસે બે ટ્રક સામસામે જબરદસ્ત ટકરાઈ હતી. આ અકસ્માતમાં એક ટ્રકનો ડ્રાઈવર પોતે જ માલસામાન ભરીને જતો હતો તે જ માલસામાનમાં ફસાઈ ગયો હતો. ટ્રકની પાછળ ગેલ્વેનાઈઝની પાઈપોનો સામાન ભરેલો હતો. અકસ્માત થતા આ પાઈપો કેબીન તોડીને આરપાર નીકળી જતા ડ્રાઈવરની કમરે ઘુસી ગઈ હતી અને તે ફસાઈ ગયો હતો. ડભોડા પોલીસ અને અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને એક કલાકની જહેમતે ફસાયેલા ડ્રાઈવરને જીવતો બહાર નિકાળવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ ત્રણ વ્યક્તિઓને હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યા છે. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો નોંધી ઘટનાની તપાસ શરૂ કરી છે.

## વાવોલ પાસેથી પસાર થતાં કાંસમાં નર્મદાનું પાણી નાંખવા કલેકટરને ખેડૂતો દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ૩૦ થી વધુ ગામોના ખેડુતોએ ગાંધીનગર પાસે આવેલ કાંસમાં નર્મદાનું પાણી નાંખવા અંગે આજે કલેકટરને આવેદન પત્ર આપ્યું છે. જેમાં કાંસમાં



પાણી નાંખવાથી ૩૦ થી વધુ ગામોને ફાયદો થઈ શકે તેમ છે.જયારે લાખો હેકટર જમીનને સિંચાઈ માટે પાણી મળી શકે તેમ છે. આ કાંસમાં પાણી આવવાથી ખેતી થકી જિલ્લાના લાખો નાગરીકોને રોજગારી મળી શકે તેમ છે. ત્યારે નર્મદાનું પાણી કાંસમાં નાંખવા માટે વિવિધ ગામના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી છે.

કલોલ તાલુકાના તેરસાપરા ગામમાંથી પસાર થતો વર્ષો જુનો કાંસ છે. આ કાંસમાં નર્મદાનુંપાણી નાંખવાથી ગાંધીનગર તેમજ કલોલ તાલુકાના ગામડાના ગ્રામજનોને લાભ થાય તેમ છે. જેમાં વાવોલ, ઉવારસદ, કોલવડા, પુંદ્રાસણ, ટીંટોડા, મોટી આદરજ, જલુંદ, કાકાનું તારાપુર, તારાપુર, સરગાસણ, રાઠોડ ભોંયણ, તેરસાના પરા, જામગનરપુરા સહિતના ગામનો સમાવેશ થાય છે.

આ પાણીને પગલે લાખો એકર જમીનમાં સિંચાઈનો લાભ ખેડુતો મેળવી શકે તેમ છે. પાણી વિના સુકાભઠ્ઠ ખેતરોમાં પાણી મળતા હરીયાળા બની જાય તેમ છે. પશુ પાલન અને ઘાસચારાના ઉત્પાદન થતા ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. જેને પગલે જિલ્લાના લાખો નાગરીકોને રોજગારીની નવી તકો ઉભી થાય તેમ છે. જિલ્લાના શાકભાજી અને અનાજનું વાવેતર પણ વધી શકે છે. આ કાંસમાં સત્વરે નર્મદા કેનાલનું પાણી મળે તો ૩૦ થી વધુ ગામો માટે આશિર્વાદરુપ સાબિત થાય તેમ છે. જેને અનુલક્ષી આજે ગાંધીનગર આસપાસના ગામના ખેડુતોએ કલેકટરને મળીને કાંસમાં પાણી નાંખવા અંગે ઘટતું કરવા જણાવ્યું હતું.

## વોર્ડ નં. ૮ના બગીચાઓમાં હરિયાળી પુનઃ સ્થાપિત કરવા માંગ

ગાંધીનગરના વોર્ડ નં. ૮ ખાતેના બગીચાઓમાં હરિયાળી પુનઃ સ્થાપિત કરવા સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા ઉપવન-બગીચા નિયામકને પત્ર લખી માંગ કરવામાં આવી છે. વોર્ડ નં. ૮માં સેકટર-૧, ૨, ૩ ન્યુ અને ૪ તથા ઈન્ફોસીટી ટાઉનશીપનો વિસ્તાર સામેલ થાય છે. જયાં આવેલા બગીચાઓની હાલત અત્યારે બદતર થવા પામી છે.

મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮ના બગીચાઓમાં લાઈટો ચાલુ નથી, ફેન્સિંગ તુટેલું હોવાથી ઢોર ઢાંખર ઘુસી જાય છે અને બગીચાને નુકશાન પહોંચાડે છે, ફુલ છોડનું યોગ્ય જતન થતું નથી વગેરે જેવી સમસ્યાઓના કારણે આ બગીચા ઉજજડ બન્યા છે. અગાઉ પણ અનેક રજૂઆતો થવા છતાં આ વિષયે કોઈ કામગીરી થયેલ નથી આથી સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ ઉપવન-બગીચા નિયામકને પત્ર લખી આ બગીચાઓનું મરામત કાર્ય હાથ ધરી હરિયાળીન પુનઃ સ્થાપિત કરવા માંગ કરી છે. તેમણે આ વિસ્તારની લોક લાગણીને વાચા આપવાનું કામ કરતા ઝડપથી બગીચાઓમાં લાઈટના થંભલાઓને વર્કીંગ કન્ડિશનમાં લાવવા, ફુલ છોડનું વૃધ્ધિકરણ કરવા તથા ફેન્સિંગનું રિનોવેશન કરી ઢોર ઢાંખરથી બચાવવા તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે.

સામાન્ય નાગરિકોના પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે પ્રતિબદ્ધ સરકાર
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



સુંદર લોકપ્રતિસાદ અને અભૂતપૂર્વ સફળતા બાદ
સેવાસેતુ કાર્યક્રમના બીજા તબક્કાનો
આજથી રાજયવ્યાપી પ્રારંભ
ફક્ત ત્રણ માસ જેટલા ટૂંકાગાળામાં
૩૫,૬૬,૩૭૦ અરજીઓનો
સ્થળ ઉપર હકારાત્મક નિકાલ
આવક, જાતિ, વૃદ્ધ પેન્શન જેવા દાખલાઓ તથા
વ્યક્તિલક્ષી યોજનાઓનો લાભ લેવા હવે તાલુકા કે જિલ્લા મથકો સુધી
ધક્કા ખાવા નહીં પડે
આવો, સૌ સાથે મળીને સંકલ્પ કરીએ...
"એકપણ સાચો લાભાર્થી સરકારી લાભોથી બાકાત ન રહે"



સેવાસેતુ કાર્યક્રમ થકી
પારદર્શી પ્રશાસનની પ્રતીતિ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત સરકાર
શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય